દાખલ તારીખ :- ૦૨/૦૮/૨૦૨૩
રજી. લીધા તારીખ:- ૦૨/૦૮/૨૦૨૩
નિકાલ તારીખ :- ૦૮/૦૮/૨૦૨૩
**સમયગાળો :- વર્ષ માસ દિવસ**
૦૦ ૦૦ ૦૬

**મે.ભચાઉના એડિશ્નલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.: ૪૧૫/૨૦૨૩**

**આંક :-૬**

**અરજદાર/આરોપી:** દિલુભા નવુભા જાડેજા,
ઉ.વ.૬૦ આશરે, રહે.ગામ.કાનમેર,
તા.રાપર-કચ્છ.
હાલે.જયુડી.કસ્ટડીમાં.

**વિરૂધ્ધ.**

**સામાવાળા:** શ્રી સરકાર મારફતે,
જીલ્લા અધિક પબ્લીક પ્રોસીકયુટર,
ભચાઉ-કચ્છ.

**અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એચ.આર.પ્રજાપતિ**

**સામાવાળાના વિ.વ.શ્રી ડી.એસ.જાડેજા**

**બાબત :-** ક્રિ. પો. કોડ ની ક.૪૩૯ મુજબ દિન-૩૦ ના વચગાળાના જામીન મેળવવા અરજ

**-: ચુકાદો :-**

(૧) જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રી એચ.આર.પ્રજાપતિને સાંભળ્યા. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.વકિલશ્રી ડી.એસ.જાડેજાને સાંભળ્યા, અરજી સંબંધી પેપર્સ વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપી તરફે વિ.વકિલશ્રીએ રજુઆત કરતા જણાવ્યુ છે કે, હાલના

અરજદાર/આરોપી વિરૂધ્ધ આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧-બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોંધાયેલ છે અને હાલની અરજી વચગાળાના જામીન ૩૦ દિવસ માટે મેળવવા માટે કરવામાં આવેલી છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ આ પ્રથમ વખત વચગાળાની જામીન અરજી કરેલી છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા વ્યકિત છે અને બે દીકરા અને એક દીકરી અને પત્ની છે અને મોટો દીકરો પણ અરજદાર સાથે જેલમાં છે. અરજદાર/આરોપીની તેઓના ગામ સર્વે નં.૬૧૫/૧ થી ખેતીની જમીન આવેલી છે તે ખેતી પર અરજદાર/આરોપી લોન લેવા માંગે છે અને તેનાથી પરીવાર ખેતીનું કામ કરી શકે અને પોતાનું જીવન આરામથી જીવી શકે તે માટે રૂપિયાની વ્યવસ્થા કરવા માટે અરજદાર/આરોપીને વચગાળાના દિન-૩૦ ના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

(૩) સરકાર તરફે વિ.વકિલશ્રી ડી.એસ.જાડેજાનાઓએ આ કામે રજુઆત કરતા જણાવ્યુ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ ૨૫(૧-બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ જેવા ગંભીર ગુનાનો આરોપ છે. અરજદાર/આરોપીને વચગાળાના જામીન પર મુકત કરવામાં આવશે તો મળી આવશે નહી તેથી અરજદાર/આરોપી સામેનો આરોપ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી અરજદાર/આરોપીની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૪) પ્રસ્તુત કામે હાલના અરજદાર/આરોપી આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૯૯૩૦૦૫૨૧૦૨૪૩/૨૦૨૧, ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૩૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા આર્મ્સ

એકટની કલમ ૨૫(૧–બી)(એ), ૨૭ અને જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના આરોપી છે. હાલની અરજી તેઓએ વચગાળાના દિન–૩૦ ના જામીન અર્થે કરેલી છે. અરજદાર/આરોપી તરફે અરજીમાં દર્શાવેલ કારણ મુજબ અરજદાર/આરોપી કુટુંબ કબીલા વાળા વ્યકિત છે અને બે દીકરા અને એક દીકરી અને પત્ની છે અને મોટો દીકરો પણ અરજદાર સાથે જેલમાં છે. અરજદાર/આરોપીની તેઓના ગામ સર્વે નં.૬૧ ૫/૧ થી ખેતી જમીન આવેલી છે તે ખેતી પર અરજદાર/આરોપી લોન લેવા માંગે છે અને તેનાથી પરીવાર ખેતીનું કામ કરી શકે અને પોતાનું જીવન આરામથી જીવી શકે તે માટે રૂપિયાની વ્યવસ્થા કરવા માટે અરજદાર/આરોપીને વચગાળાના દિન–૩૦ ના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે પરંતુ અરજદાર/આરોપી સામે ૩૦૨ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આરોપ છે તેથી અરજદાર/આરોપી સામેનો આરોપ, ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી તેમજ અરજદાર/આરોપીની હાજરીની જરૂરીયાત જણાતી ન હોય આ નામદાર કોર્ટને મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી હાલના અરજદાર/આરોપીને દિન–૩૦ ના વચગાળાના જામીન ઉપર જામીન મુકત કરવાનું ન્યાયીક અને ઉચિત જણાતું નથી તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આથી, અરજદારની હાલની વચગાળાના દિન–૩૦ ના જામીનની માંગણી કરતી અરજી ''**નામંજુર (૨૬)**'' કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૮ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૩ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

સહી/–
(પી.ટી.પટેલ)
એડિશનલ સેસન્સ જજ,
ભચાઉ–જી.કચ્છ.
જી.જે.૦૦૫૨૮

તા. ૦૮/૦૮/૨૦૨૩
સ્થળ : ભચાઉ–કચ્છ